**<u>રે.દિ.મુ.નં.–૦૯/૨૪ ના કામે આંક–૬ ની મનાઈહુકમ અરજી લગત</u>**

(૧) વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની ટુંકમા હકીકત એવા પ્રકારની છે કે,વાદીની સમેગા ગામે રેવન્યુ સર્વે નં.૫૩૭ ની ૦–૫૧–૭૨ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીન આવેલી છે. આ કામના પ્રતિવાદીઓ નં. ૪થી૬ ની ખેતીની જમીન સમેગા ગામે રેવન્યુ સર્વે નં. ૫૪૫ થી આવેલી છે. આ ખેતીની જમીનમા જવા આવવા માટે સમેગાથી મોળદર રાજરસ્તે થઈ સર્વે નં.૫૩૭ વાદીની જમીન ની દક્ષીણ દીશાએ રસ્તાનો એક ચીલો તથા સર્વે નં. ૫૩૬ વાળી જમીનની પુર્વે દીશાએ એક ચીલા મારફત સર્વે નં.૫૪૨ ની અઠાણની જગ્યામા આવેલ કુવા બાદ દક્ષીણ તરફ આગળ વધી અઠાણની જગ્યામા થઈને તેના નૈરૂત્ય ખુણેથી પ્રતિવાદીનં. ૪ થી ૬ નાઓ તેમની ખેતીની જમીનમાં વર્ષોથી આવ–જા કરે છે અને તે તેનો કાયમી રસ્તો છે. જેથી અઠાણબાદ વાદીની ખેતીની જમીનમા પ્રતિવાદી નં.૪ થી ૬ નો કોઈ રસ્તો આવેલ નથી.

આમ પ્રતિવાદી નં.૪ થી ૬ નો વાદીની જમીનમા રસ્તો ન આવેલ હોવા છતા મામલતદાર કોર્ટ માણાવદર કેસનં.૫/૨૨ થી કેસ દાખલ કરેલ હતો સદર કેસમા માણાવદર મામલતદારશ્રીએ વાદ ગ્રસ્ત રસ્તાના દસ્તાવજી પુરાવા પ્રતિવાદી નં.૪થી૬ નાઓ રજુ કરેલ ન હોવા છતા માત્ર સર્કલ ઓફીસરશ્રી માણાવદર તથા મહેસુલ તલાટી સમેગાના તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજકામ તથા સર્કલશ્રીની તા.૨૭/૧૨/૨૦૨૨ ના રૂબરૂ સ્થળ મુલાકાતના આધારે રસ્તો ન હોવાની હકીકત માની રસ્તો ખુલ્લો કરવા અંગે વચગાળાનો મનાઈ હુકમ આપેલ હતો.

ત્યારબાદ વાદીએ સદરહુ મામલતદાર કોર્ટ એકટ કેસ નં.૫/૨૦૨૨ તા.૩/૧/૨૦૨૩ ના હુકમ સામે નાયબ કલેકટરશ્રી વંથલી ખાતે નં.૩/૨૦૨૩ થી

રીવીઝન દાખલ કરેલ પરંતુ આ કામના પ્રતિવાદી નં.૧ નાયબ કલેકટરશ્રીએ વાદીની કોઈ રજુઆત ધ્યાને લીધા વગર રીવીઝન અરજી ના–મંજુર કરેલ છે. વાદીએ હાલનો દાવો દાખલ કરતા પહેલા પ્રતિવાદીઓને સી. પી. સી. ની કલમ–૮૦ ની નોટીસ આપેલ. જે નોટીસ બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદીઓએ કોઈ જવાબ આપેલ નથી.

આ કામના પ્રતિવાદી નં.૪થી૬ નાએ પ્રતિવાદી નં.૨ ઉપર રાજકીય દબાણ લાવી,સગાવાદનો ઉપયોગ કરી વગનો ઉપયોગ કરીને સદરહું રસ્તો અઠાણવાળી જગ્યાએ ચાલતો હોવા છતા સદરહું રસ્તો વાદીની જમીનમા ખોટી રીતે રસ્તો કાઢવાનો પ્રયત્ન કરેલ છે. છેલ્લા પાંચ છ દિવસથી રસ્તો બંધ થયેલ છે તેવા ખોટા કારણો ઉભા કરી માણાવદર મામલતદારશ્રી સમક્ષ ખોટો કેસ ઉભો કરી દાવો મંજુર કરાવેલ છે. અને આમો વાદીએ સચોટ રજુઆત કરવા છતા અમારી હકીકતો ધ્યાને ન લઈ કાયદાની વિરૂધ્ધનો હુકમ કરવામા આવેલ હોય જેથી હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. આ કામના પ્રતિવાદી નં.–૪ થી ૬ ના સમેગા ગામના સરપંચશ્રીના સગા થતાં હોય અને મામલતદારશ્રી માણાવદરનાં સરપંચશ્રીના નજીકનાં કૌટુંબીક ભાઈઓ થતા હોય જેથી દાવાના પ્રારંભથી જ આ કામના પ્રતિવાદી નં.૪ થી ૬ ની તરફેણમાં તમામ કાર્યવાહી થયેલ છે તેમજ કહેવાતું તા.૧૪/૬/૨૦૨૨ ના રોજનું પંચનામું કાયદાની જોગવાઈ વિરૂધ્ધનું કરવામાં આવેલ. આમ, આ કામનાં પ્રતિવાદી નં.–૪ થી ૬ નો રસ્તો સમેગા ગામના સર્વે નં.૫૪૨ ના કુવાવાળી જગ્યાએથી અઠાણ તરફ આગળ વધી ઉતર તરફ વાદીની ખેતરમાં આવેલ હોય તેવો કોઈ રેવન્યું રેકર્ડ રેવન્યુ કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં, રેવન્યું કોર્ટોએ ખોટો હુકમ કરેલ હોય વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

આ કામે પ્રતિવાદી નં.૧ નાયબ કલેકટરશ્રી વંથલી તથા પ્રતિવાદી નં. ૨

મામલતદારશ્રી  માણાવદરના હુકમના આધારે પ્રતિવાદી નં.૪થી૬ ના જાતે કે એજન્ટ કે સગા સબંધી કે કોઈ અન્ય મારફતે ઉપરોકત ઠરાવના અનુસંધાને આગળની કોઈ કાર્યવાહી કરે કરાવે નહી કે કોઈ નવો રસ્તો ઉભો કરે નહી કે તેનો ઉપયોગ કરે નહી તેવો ચાલતા કામ દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરવા અરજ કરેલ છે.

(૨) વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી <u>પ્રતિવાદી નં.૪ થી ૬ ને થતાં વકીલશ્રી માફરતે હાજર થઈ આંક–૨૫</u> થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, પ્રતિવાદી નં. ૪ થી ૬ ના વચગાળાની મનાઈ હુકમની અરજી લગતના વાંધા તથા દાવાનો જવાબ આંક ૨૫ થી રજુ કરેલ છે તે ધ્યાને લેતા તેમજ તેમની રજુઆત છે કે આ કામના વાદી માણાવદર મુકામે રહેતા હોય તેમજ માણાવદર તાલુકાના સમેગા ગામના ખેડુત હોવાની હકીકત ખરી છે.તેમજ પ્રતિવાદી નં. ૪ થી ૬ ની ખેતીની જમીન સમેગા ગામના રે.સ.નં.૫૪૫ થી આવેલ હોવાની હકીકત ખરી છે.પરંતુ પ્રતિવાદીઓની ખેતીની જમીનમા જવા માટે સમેગા થી મોળદર રાજ રસ્તે થઈ રે.સ.નં. ૫૩૭ એટલે કે વાદીની જમીનની દક્ષિણ દિશા એ રસ્તાનો એક ચીલો તથા સ.નં. ૫૩૬ વાળી જમીનના પુર્વ દિશાએ એક ચીલા મારફત સર્વે નં.૫૪૨ ની અઠાણની જગ્યામા આવેલ કુવા બાદ દક્ષિણ તરફ આગળ વધીને અઠાણ ની જગ્યામા થઈને તેના નૈઋત્ય ખુણે પ્રતિવાદી નં.૪ થી ૬ ના તેમની ખેતીની જમીનમા વર્ષોથી આવ–જા કરતા હોય તેમજ પ્રતિવાદી નં. ૪ થી ૬ નો કોઈ રસ્તો આવેલ નહી હોવાની ખોટી હકીકત ઉપજાવી કાઢેલ છે. ખરી હકીકતે, વાદીનાં સમેગા ગામે આવેલ સર્વે નં.૫૩૭ ની ખેતીની જમીનનાં દક્ષીણ સેઢા તરફ રસ્તો આવેલ છે અને જે રસ્તો પ્રતિવાદીના ખેતરમાં જવા

માટે તેઓ ઉપયોગ કરતા હોય, પરંતુ, વાદીએ પાળો કરી સદરહું રસ્તો બંધ કરી દેતાં પ્રતિવાદી નં.૪ થી ૬ નાએ મામલતદાર કોર્ટ કેસ નં.૫/૨૦૨૨ થી દાવો દાખલ કરેલ હતો અને જે દાવાના કામે તા.૧૫/૬/૨૦૨૨ ના રોજ પંચોની હાજરીમાં પંચ રોજકામ કરવામાં આવેલ. પંચ રોજકામની વિગતે સવાલાવાળા રસ્તાની ડાબી બાજું વાદીનું ખેતર આવેલ હોય અને જમણી બાજુ કનુભાઈ ગોવિંદભાઈ મારૂનું ખેતર આવેલ હોય જે રસ્તો સ્થળ પર ખુલ્લો છે અને આ રસ્તો વાદીએ ૧૮ દિવસ પહેલા મોરમ નાખી બંધ કરેલ હોવાનું પંચ રોજકામ પરથી જણાય આવે છે. જેથી મામલતદાર કોર્ટે કરેલ હોય કાયદેસરનો હોય વાદીનો દાવો તથા મનાઈ અરજી ના–મંજુર કરવા જણાવેલ છે.

**૨.૧** વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી પ્રતિવાદી નં.૧ થી ૩ ને થતાં વકીલશ્રી માફરતે હાજર થઈ આંક–૩૦ થી વાદીની દાવા અરજીનો જવાબ તથા આંક–૩૧ થી મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, મામલતદાર કોર્ટ કેસ નં.૫/૨૨ ના કામે તા.૦૩/૦૧/૨૦૨૩ અન્વયે તમામ પક્ષકારોને સાંભળી અને પુરાવો રજુ કરવાની તક આપ્યા બાદ સ્થળ પર ખરાઈ કરીને હુકમ કરેલ હોય અને જે હુકમ નાયબ કલેકટરશ્રી વંથલીનાઓએ કાયમ રાખેલ હોય વાદીના દાવાની હકીકતો આધાર પુરાવા વગરની વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે આંક–૩૫ થી પ્રતિવાદીઓનાં જવાબ સામે **કાઉન્ટર એફીડેવીટ** રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં.–૪ થી ૬ તરફે રજુ થયેલ જવાબની હકીકતોનો ઈન્કાર કરી દાવા અરજીની હકીકતોને વળગી રહેલ છે.

(૪) વાદીઓ તરફે વિ. વ. શ્રી એ. એલ. કરમુરની દલીલો સાંભળી અને પ્રતિવાદી નં.–૧ થી ૩ તરફે વિ. વ. શ્રી જે. એમ. દેવાણી, પ્રતિવાદી નં.–૪ થી ૬

તરફે વિ. વ. શ્રી યુ. વી. વદરની દલીલો સાંભળી.

૪ આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ વાદીઓ પુરવાર કરે છે કે તેઓને પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન શકે તેવું નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભીપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**// કારણો//**

૭. **મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા**

આ કામે તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકતરીતે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં પહેલાં અહીં

એ નોધવું જરૂરી છે. કે મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે.અને સમન્યાયી અદાલત દાવા તારીખની સ્થિતિને લક્ષમાં લઈ ને હુકમ કરે છે.મનાઈ હુકમ રૂટીન કોર્ષમાં મંજુર થઈ શકે નહિ પરંતુ પ્રથમદર્શનીય રીતે કેસ ફલીત થતો હોય ત્યારે મંજુર થવા પાત્ર હોય છે. માત્ર પ્લીડીંગ્સના આધારે મજબુત કેસ ગણી શકાય નહિ. પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભવિષ્યમાં નાણામાં ના આંકી શકાય તેવુ નુકસાન પ્રથમદર્શનીય રીતે પુરવાર થવુ જરૂરી છે. મનાઈ હુકમ એ વિવેકબુધ્ધીની દાદ છે, કોઈ વ્યકિત હકકની રૂએ મનાઈ હુકમ માંગી શકે નહિ. મનાઈ હુકમ મંજુર કરતી વખતે કે ના મંજુર કરતી વખતે રેકર્ડ ઉપરથી હકીકતો લક્ષમાં રાખી પ્રથમદર્શનીય રીતે નિર્ણય કરવાનો રહે છે. મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ હોવાથી જે વ્યકિત દાદ માંગે તેણે અદાલતને સ્પષ્ટપણે બતાવવુ જોઈએ કે તેના તરફે કોઈ ફોલ્ટ નથી અને વધુમાં વાદીએ સ્વતંત્ર રીતે તેઓનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. અને તે માટે તેઓ સામાપક્ષના કેસની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિ.આજ હકીકતના પરીધમાં આ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ પ્રથમદર્શનીય એ સાબીત કરવાનું રહે છે કે, પ્રતિવાદીઓના કૃત્યોથી દાવાવાળી મિલ્કતમાં રહેલ વાદીના કાનુની હકકને હાની થાય તેમ છે.

વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે એ બતાવવુ પડે કે, દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે,જેમાં તે સફળ થાય તેવી પુરેપુરી શકયતા છે અને વાદીએ પોતાના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ માંગેલ છે જેથી તે પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તેમ છે. વાદીએ પોતાના દાવાના સમર્થનમાં આંક ૩૫ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે.

વાદીએ પોતાના દાવાના સમર્થનમાં નિ. ૫/૪થી દાવાવાળી જમીનનો સીમતળનો નકશો રજુ કરેલ છે.અને નિ.૫/૫ થી ગામતળનો નકશો,નિ.૫/૬ થી મામલતદારશ્રી માણાવદરનો હુકમ અને માર્ક ૫/૭ થી નાયબ કલેકટરશ્રીનો હુકમ રજુ કરેલ છે. વાદી તરફે એ મતલબની રજુઆત છે કે,પ્રતિવાદી નં.૪ થી ૬ ની ખેતીની જમીનમા જવા આવવા માટે સમેગાથી મોણવદર રાજરસ્તે થઈ સર્વે નં.૫૩૭ વાળી વાદીની જમીનની દક્ષીણ દીશાએ રસ્તાનો એક ચીલો તથા સર્વે નં. ૫૩૬ વાળી જમીનની પુર્વે દીશાએ એક ચીલા મારફત સર્વે નં.૫૪૨ ની અઠાણની જગ્યામા આવેલ કુવા બાદ દક્ષીણ તરફ આગળ વધી અઠાણની જગ્યામા થઈને તેના નૈરૂત્ય ખુણેથી પ્રતિવાદીનં. ૪ થી ૬ નાઓ તેમની ખેતીની જમીનમાં વર્ષોથી આવ–જા કરે છે અને તે તેનો કાયમી રસ્તો છે. જેથી અઠાણબાદ વાદીની ખેતીની જમીનમા પ્રતિવાદી નં.૪ થી ૬ નો કોઈ રસ્તો આવેલ નથી. પરંતુ, આ કામે માર્ક ૩૩/૨ થી રજુ થયેલ પંચ રોજકામ તેમજ સર્કલ ઓફીસરશ્રી માણાવદરએ બનાવેલ નકશો ધ્યાને લેતાં સવાલવાળા રસ્તા પર માટી નાખી બંધ કરેલ હોવાનું જણાય આવે છે. તેવા સંજોગોમાં આ તબકકે રેવન્યુ રેકર્ડને પડકારતો કોઈ પુરાવો વાદી તરફે રજુ થયેલ ન હોય અને વાદીએ પોતાની હકીકતના સમર્થનમાં રજુ કરેલ માર્ક ૫/૪ થી ગામતળનો નકશો રજુ કરેલ છે અને નકશામાં અઠાણવાળી જગ્યા ટપકાથી બતાવેલ છે. વાદી તરફે એ મતલબની રજુઆત છે કે, આ કામે માર્ક ૩૩/૧ થી રજુ થયેલ પંચ રોજકામમા પંચોના નામ નથી જયારે આ રોજકામ વંચાણે લેતા પંચોએ સહી કરવાની ના પાડેલ છે તે હકીકત રેકર્ડ પર આવેલ છે.આમ વાદી અઠાણ બાદ વાદીની ખેતીની જમીનમા પ્રતિવાદીનં.૪ થી ૬ નો રસ્તો આવેલ ન હોવા બાબતે ફકત મૌખીક રજુઆત કરેલ છે તેવા સંજોગોમાં, વાદીની આ હકીકત પુરવાર કરવા માટે પુરાવો લેવો જરૂરી

હોય તેમજ હાલના તબકકે જયારે વચવાળાની અરજી નિર્ણય કરવાની હોય દાવાવાળો રસ્તો દાવાવાળી જગ્યાએ આવેલ છે કે નહી તે પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે નહી તેમજ વાદી જણાવે છે તેમ વાદી અઠાણ બાદ વાદીની ખેતીની જમીનમા પ્રતિવાદીનં.૪ થી ૬ નો રસ્તો આવેલ ન હોય તે હકીકત પણ પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે નહી. વાદી દાવા અરજીમા રસ્તા બાબતે જે દિવાની અધિકાર ધરાવે છે તે અધિકાર દાવામાં પુરાવો લીધા સીવાય પુરવાર થઈ શકે નહી. તેવા સંજોગોમા વાદી પોતાની પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી.

આમ, વાદી દાવાવાળી તકરાર બાબતે પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરી શકેલ ન હોય ત્યારે વચગાળાના મનાઈ હુકમથી પક્ષકારોને થતી અનુકુળ પ્રતિકુળ અસરોનુ તુલનાત્મક મુલ્યાકંન કરવુ જરુરી બને છે. જેને  બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કહેવામાં આવે છે. વાદી પોતાની તરફેણમાં અગવડતા સગવડતાની સમતુલા કે, નાંણામાં ન આપી શકાય તેવુ નુકશાન પણ પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.–૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

વાદીની આંક–૬ મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૭ મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાદી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૨/૨૦૨૫
મુ. વંથલી

( આઈ.એ.શેખ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી.